Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# એક યુગપુરુષ: પ્રમુખસ્વામી મહારાજ

**NIKUL B.KOTAR**


M.PHIL SCHOLAR

DEPARTMENT OF HISTORY AND CULTURE

GUJARAT VIDYAPITH, AHMEDABAD

"મારા પરના પ્રમુખસ્વામીજીના પ્રભાવનો સરવાળો હું કેવી રીતે માંડી શકું? સાચા અર્થમાં એમણે મારું પરિવર્તન કરી નાખ્યું છે. તેઓ મારા જીવનના આધ્યાત્મિક આરોહણની સૌથી ઊંચી અને અંતિમ મંજિલ છે."

-ભારત રત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ



**પ્રસ્તાવના**

"બીજા ના ભલામાં આપણું ભલું છે!" આ જીવન સૂત્ર સાથે લાખો લોકોના દિલમાં વસનારા વિરલ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત પરંપરાના તેઓ પાંચમા ગુરુદેવ હતા. પ્રમુખસ્વામી મહારાજના કાર્યોને આપણે કોઈ એક વિચારધારા દ્વારા તપાસી શકીએ નહિ તે માટે આપણે અલગ અલગ દ્રષ્ટિકોણ તથા વિચારધારા દ્વારા પ્રમુખસ્વામી મહારાજના વિચારો અને કાર્યોને સમજવા પડે. ઉદાહરણ તરીકે જોઈએ તો આપણે તેમણે

હિંદુ-સમાજના પુનરુત્થાન જ્યોતિર્ધર?, બી.એ.પી.એસ સ્વામીનારાયણ સંસ્થાના વહીવટકર્તા એક સમાજસુધારક?, સાહિત્ય, સંગીત અને કલાના પુરસ્કર્તા?, કરુણા મૂર્તિ સંતપુરુષ?, બ્રહ્મસ્વરૂપ સંત?, અદ્વિતીય સ્વજન? વગેરે તરીકે વર્ણવી શકાય. આમ, એક નાનકડા એવા બિંદુમાંથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને હિંદુત્વના વિશ્વ વ્યાપી આંદોલન સુધી પહોચાડનાર પ્રમુખ સ્વામી મહારાજના કાર્યોની સમીક્ષા કરવાનું અશક્ય છે.

## પ્રારંભિક જીવન અને તેમના દિવ્ય કાર્યો

યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ઈ.સ. ૭/૧૨/૧૯૨૧ ના રોજ વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આવેલા ચાણસદ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ મોતીભાઈ અને માતાનું નામ દિવાળીબા હતું. ખેતી અને પ્રભુભક્તિ સિવાય આ પરીવારનું બીજું કોઈ વિશિષ્ટ પાસુ ન હતું. પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ શાંતિલાલ હતું. શાંતિલાલ બાળપણથી જ આધ્યાત્મિક ભાવ સાથે જોડાયેલા હતા. ગામમાં હનુમાનમઢીના મંદિરે તેઓ અવાર-નવાર થતી આધ્યાત્મિક વાતોમાં ભારે રસ દાખવતા હતા. ૧૭ વર્ષની વયે ગામના પાદરે ક્રિકેટના સાધનોની ખરીદી માટે નીકળતા શાંતિલાલને ગુરૂશાસ્ત્રી મહારાજની ચિઠ્ઠી મળી; સાધુ થવા આવી જાઓ! એ જ પળે તેઓ કશું વિચાર્યા વગર માતા-પિતાની મંજૂરી લઈને ગુરુશાસ્ત્રી મહારાજ સાથે ચાલી નીકળ્યા હતા.

આધ્યાત્મિક સ્વભાવ બાળપણથી જ પ્રાપ્ત કરેલ પ્રમુખસ્વામી મહારાજને ગુરૂશાસ્ત્રી મહારાજે તા. ૨૨/૧૧/૧૯૩૯ ના રોજ અમદાવાદમાં પ્રાથમિક દીક્ષા આપી હતી અને તા.૧/૧૦/૧૯૪૦માં ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી તેમને નારાયણસ્વરૂપદાસ સ્વામી નામ અર્પણ કર્યું.[1]

આ તેજસ્વી નારાયણસ્વરૂપદાસ ગુરૂઆજ્ઞાનું વિનમ્રભાવે પાલન કરતા અને પોતાની વિદ્વતાના બળવડે તેઓ ગુરૂશાસ્ત્રી મહારાજનું દિલ જીતીને તેઓ સારંગપુરના કોઠારી સ્વામી બન્યા હતા. પોતાના અથાગ પરિશ્રમ અને યોગ્ય વહીવટકર્તા તરીકે પોતાની છાપ છોડ્યા બાદ તેઓના વ્યવહાર કુશળતાથી પ્રસન્ન થઈને શાસ્ત્રીજી મહારાજે તેમને માત્ર ૨૮ વર્ષની ઉમરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખપદે વરણી કરી અને તેઓ સૌના લાડીલા "પ્રમુખસ્વામી" બન્યા. ઈ.સ. ૧૯૫૧ થી ૧૯૭૧ સુધી યોગીજી મહારાજના અનુગામી તરીકે રહ્યા અને ઈ.સ. ૧૯૭૧માં યોગીજી મહારાજના અક્ષરધામ ગમન બાદ તેઓએ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાનું સુકાન સંભાળ્યું હતું.[2]

## આદિવાસી સમાજસુધારક તરીકે

સંસ્થાના પ્રમુખપદ પર આવ્યા બાદ સ્વામીબાપાએ અનેક ગામડાઓમાં વિચરણ કર્યું. છેવાડાના માનવીના વિકાસની પ્રવૃતિઓ કરી છે. આદિવાસી સમાજમાં ફેલાયેલ અંધશ્રધ્ધા, કુરિવાજો અને લુંટફાટના કાર્યોને બંધ કરાવી આદિવાસી સમાજના લોકોને આધ્યાત્મિકતા અને સંસ્કારની પ્રવૃતિઓ તરફ વાળી આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન આદિવાસી સમાજના લોકોમાં કર્યું છે. ઘણા એવા પણ દાખલા છે જેમાં લુંટારાઓને સત્સંગી પ્રવૃતિઓ તરફ વાળીને તેમણે સંપ્રદાયની કંઠી બાંધીને જીવન પરિવર્તન કરાવ્યું છે. જેના લીધે સમાજને આવા લુંટારાઓ થી પડતી મુશ્કેલીઓ

દુર થઇ અને શાંતિમય વાતા-વરણ મળ્યું. આ ઉપરાંત આદિવાસી સમાજમાં જોવા મળતા વિવિધ પ્રકારના વ્યસનોને દુર કરીને તેમને એક નવું જીવન આપવામાં પ્રમુખસ્વામી મહારાજ સફળ રહ્યા હતા. આ સમાજના લોકોને આધ્યા-ત્મિકતાના માર્ગ તરફ વાળીને એક નવુ જીવન અર્પણ કર્યું હતું. વ્યસનમુક્તિ બાદ આ સમાજના લોકોના જીવનધોરણમાં આર્થિક, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક જેવા અગત્યના પાસાઓમાં પરિવર્તનો જોવા મળ્યા હતા. આદિવાસી વિસ્તારોમાં સાક્ષરતાના દરને ઉચ્ચો લાવવા માટે અને તેમના જીવનમાં રહેલી બેરોજગારીને દુર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અત્યાધુનિક શાળાઓનું નિર્માણ કરીને શૈક્ષણિક સગવડો પુરી પડી હતી. જેમાં આધ્યાત્મિક જીવનને અપનાવાથી થતા ફાયદાઓ અને નૈતિક મૂલ્યોથી અવગત કરાવી એક શ્રેષ્ઠ માનવી તરફનું પ્રયાણ આદિવાસી સમાજના લોકોને કરવામાં તેઓ સફળ રહ્યા હતા.[3]

## પરમાર્થી સંત તરીકે

એક એવા પરમાર્થી સંત છે જેમણે નિસ્વાર્થ ભાવે જનહિત માટે કાર્યો કર્યા છે. અવિરત પુરુષાર્થ દ્વારા દેહની પરવાહ છોડીને અનેક કષ્ટો વેઠીને પ્રમુખસ્વામી મહારાજ ૧૭,000 થી વધુ ગામડાઓમાં જીવનભર ઘૂમ્યા છે. જ્યાં ન તો રસ્તાઓ હતા કે ન હતી સુવિધાઓ છતા પણ છેવાડાના માનવીના સામાજિક ઉત્થાનની ચિંતા કરીને મુશ્કેલીઓમાં પણ માર્ગદર્શન આપીને તેઓ પછાત વર્ગને આગળ લાવવામાં સફળ રહ્યા છે અને લાખો લોકો અને તેઓના ઘરને પાવન કર્યા હતા. કરુણામૂર્તિ સંત તરીકે તેમણે જીવનભર લોકોની પીડાને સાંભળી અને રોજ સેંકડો લોકોને વ્યક્તિગત મળીને તેઓ સુખ દુ:ખના સાથી બન્યા છે. તેમને મદદ, માર્ગદર્શક, ધીરજ અને આશિષ આપ્યા છે. સાત લાખ જેટલા પત્રો લખીને તેમણે અનેક લોકોના જીવનમાંથી અંધકાર દુર કરીને આધ્યાત્મિકતાની લહેર ફેલાવી હતી. આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મંદિરો તેમજ પ્રવૃતિઓ જોવા મળે છે તેમાં મોટો ફાળો પ્રમુખસ્વામી મહારાજનો રહ્યો છે અને આથી જ દેશ અને વિદેશના લોકો હવે આ સંપ્રદાયને ધીમે ધીમે એક ધર્મ તરીકે માનવા લાગે તો ના પણ ના કહી શકાય કેમ કે દેશમાં રહેલ લઘુમતી આવતા લોકોની સંખ્યા કરતા આજે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ની સંખ્યા વધારે જોવા મળે છે.[4]

## ભારતીય સંસ્કૃતિના રક્ષક તરીકે

પ્રમુખસ્વામી મહારાજના કાર્યોમાં તેમનું એક અગત્યનું પાસું તપાસીએ તો માલુમ થાય કે તેઓ ખરેખર સ્થાપત્ય-કલા અને સંસ્કૃતિના મહાન સર્જક છે. જેમણે દેશમાં જ નહિ પરંતુ વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડ્યો છે. દેશ-વિદેશમાં શ્રધ્ધા અને શાંતિના ધામ રચીને તેઓ લાખો લોકોના લાડીલા બન્યા છે. આ માટે તેમણે રચેલા ૧૧00 થી વધુ મંદિરો સત્સંગ, સેવા અને આધ્યાત્મિક મૂલ્યોના ઊર્જાકેન્દ્ર તરીકે લાખો લોકોને પવિત્ર પ્રેરણા આપી રહ્યા છે. આ માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ દિલ્હી અને ગાંધીનગરમાં રચેલા સાંસ્કૃતિક પરિસર અક્ષરધામ. આ સંસ્થાના પ્રમુખપદ પર રહીને તેમણે વિવિધ પર્વોત્સવો દ્વારા જેમ કે નવરાત્રી જેવા પર્વમાં ભારતીય સંસ્કૃતિ મુજબના વસ્ત્ર પરિધાનમાં અલગ અલગ થીમ પર ભુલાય રહેલી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી છે. તેમજ હોળીના પર્વમાં બીભત્સ

ગીતોના બદલે હરિકીર્તન અને ભજન દ્વારા ઉજ્જવીને સમાજમાં રહેલ ખોટા કુરિવાજો અને માન્યતાઓને દુર કરી લોકોને યોગ્ય દિશા તરફ વાળ્યા હતા. આ ઉપરાંત રક્ષાબંધન, ગુરૂપૂર્ણિમા, જન્માષ્ટમી, રામનવમી, દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી પણ આપણી ગૌરવવંતી સંસ્કૃતિ મુજબ કરીને લોકોને ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા.[5]

## આધ્યાત્મિક જ્યોતિર્ધર તરીકે

આ ઉપરાંત ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત પરંપરાના ગુરૂદેવ પ્રમુખસ્વામી મહારાજે તેમના ગુરૂઓના કરેલા કાર્યો મુજબ સુશિક્ષિત યુવાનોને દીક્ષા આપીને તેઓમાં આધ્યાત્મિકના મૂલ્યોનું સિંચન કર્યું હતું. આ માટે તેઓએ ૧૦૦૦ જેટલા સુશિક્ષિત યુવાનોને દીક્ષા આપી સંતપરંપરાને ઉજ્જવળ કરી હતી. આથી જ તો તેમને આધ્યાત્મિક જ્યોતિર્ધર પણ કહેવામાં આવે છે. આ માટે તેઓ નવ દીક્ષિત સાધુઓની વિદ્વતાની તાલીમ પણ આપતા હતા. તેઓ જનજાગૃતિમાં જ ખરેખર સંતશક્તિ છુપાયેલી છે તેવી દ્રઢ મનોબળવૃતિ સાથે જનજાગૃતિ લાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા અને તેમાં પણ તેઓ સફળ રહ્યા હતા. સમાજમાં રહેવા માટે અને સમાજને આગળ લાવવા માટે લોકસેવા એ મહત્વનું પાસું છે. આ લોકસેવા દ્વારા સમાજના લોકો સાથે જોડાયા અને તેમને પણ સંતશક્તિના દર્શન કરાવ્યા હતા. અને સંસ્થાના પોતાના આધ્યાત્મિક મૂલ્યો પ્રમાણે આગળ વધી રહી છે તેની દ્વારા સમાજને પણ ઘણા લાભો પ્રાપ્ત થઇ રહ્યા છે.[6]

## મહિલા ઉત્કર્ષની પ્રવૃતિના વાહક તરીકે

સમાજમાં મહિલાઓના સશક્તિકરણ માટે પણ પ્રમુખસ્વામી મહારાજે મહિલા મંડળો દ્વારા સત્સંગ અમૃત પાયા હતા. સ્વામિનારાયણ ભગવાન દ્વારા શરૂ કરવામાં આવેલ મહિલા ઉત્કર્ષની પ્રવૃતિઓને તેઓએ સાધુતાની મર્યાદાને અડીખમ રાખીને જગતભરમાં વિસ્તારી છે. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા દ્વારા ગતિમાન નારી ઉત્કર્ષની પ્રવૃતિઓમાં સહભાગી થઈને હજારો મહિલાઓ એ ધન્યતા અનુભવી છે. સંસ્થા દ્વારા પ્રતિભા વિકાસપર્વ દ્વારા હજારો મહિલાઓને રોજગાર અર્પણ કરીને સ્વાવલંબી બનાવી છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે દેશ-વિદેશમાં યોજાતા મહિલા સંમેલનોમાં સહભાગી થઈને હજારો મહિલાઓ સાચા અર્થમાં સશક્તિકરણને પામ્યા છે. તેમજ કન્યા માટે દેશ-વિદેશમાં કન્યા શાળાઓનું નિર્માણ કરી બી.પી.એ.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ શૈક્ષણિક જગતમાં પણ પોતાનો ડંકો વગાડ્યો છે.[7]

## યુવાનોની કારકિર્દી ઘડતરના અજોડ શિલ્પી તરીકે

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બી.એ.પી.એસ. યુવકની મંડળની સ્થાપના કરી યુવાનોના જીવન- ઘડતરના ક્ષેત્રમાં એક નૂતન ક્રાંતિ ચલાવી હતી. આ ક્રાંતિની શરુઆતમા આંગળીના વેઢે ગણાય તેટલા યુવકોથી શરુ થયેલી યુવા પ્રવૃતિને ધીમે-ધીમે પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થ અને પ્રોત્સાહનથી વિશ્વ વ્યાપી બનાવી છે. આ પ્રવૃત્તિ દ્વારા તેમણે સંયમિત, સંસ્કારી, ચારિત્ર્યવન, કર્તવ્યનિષ્ઠ અને આધ્યાત્મિક મૂલ્યોથી શોભતી યુવાનોની પેઢી ઉભી કરી છે. તેમજ ઉત્તમ અભ્યાસ

અને ઉજ્જવળ કારકિર્દીની સાથે સાથે યુવાનોને મૂલ્યનિષ્ઠ જીવન પ્રાપ્ત થાય તેવી અપેક્ષા હંમેશા સેવતા રહ્યા હતા. આ યુવાનો માટે સંસ્થા દ્વારા ઠેર ઠેર સત્સંગ કેન્દ્રોમાં વિરલ બાળ-યુવા સંસ્કાર પ્રવૃતિઓ અને લાખો બાળકો તેમજ યુવાનોના સ્વજન તરીકે કાર્યરત રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આદિવાસી પ્રદેશોથી લઈને દેશ-વિદેશમાં છાત્રાલયો, નિવાસીશાળાઓ, અધતન શૈક્ષણિક સંકુલોમાં હજારો વિદ્યાર્થીઓ સંસ્કાર-યુક્ત શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે આ સંસ્થા કાર્યરત બની છે. અને આ દ્વારા તેઓ સંકુલોમાં શિક્ષણની સાથો સાથ રાષ્ટ્રીય મૂલ્યોનું સિંચન પણ પ્રાપ્ત કરી રહ્યા છે. તેઓની ફક્ત એક જ અપેક્ષા વિદ્યાર્થીઓ પાસે રહી છે કે સંસ્કારી વિદ્યાર્થીઓ સંસ્થામાં ઘડતર પામી અને સમાજમાં તેઓ ભારતીય સંસ્કૃતિનું નિરંતર વહન કરે. આમ દેશમાં રહેલા યુવા ધનને યોગ્ય ઘડતર અને આધ્યાત્મિકતાના માર્ગ દ્વારા દેશની અતુલ્ય સંસ્કૃતિને બચાવવા માટેના માર્ગદર્શક બન્યા હતા.[8]

## કરુણામૂર્તિ સંત તરીકે

પ્રમુખસ્વામી મહારાજ એક એવા કરુણામૂર્તિ સંત છે જેમણે અસંખ્ય લોકોના આરોગ્યનો વિચાર કરીને આરોગ્યકારી પગલાઓ માટે આરોગ્ય સેવાયજ્ઞો શરુ કર્યા. આ માટે તેમણે ૭ મલ્ટીસ્પેશિયાલીસ્ટ હોસ્પિટલો સ્થાપી છે. તે ઉપરાંત ૧૨ નિશુલ્ક ફરતા દવાખાના દ્વારા ૪૮ લાખથી કરતા વધુ પછાત દર્દીઓની સારવાર કરી છે. વિક્રમસર્જક રક્તદાન, ગુજરાતના ગામડે ગામડે રક્તદાન યજ્ઞો, રોગ નિવારણ યજ્ઞો, નેત્રયજ્ઞો, બાળરોગ નિદાન શિબિરો, મહિલા સ્વાસ્થ્ય યજ્ઞો અને ચશ્માં યજ્ઞો દ્વારા અસંખ્ય લોકોને આરોગ્યકારી સુવિધાઓ પુરી પાડી છે. આ માટે મુંબઈ, અમદાવાદ, વડોદરા, બોટાદ, કેશોદ, વિદ્યાનગર, જીંથરી વગેરે જગ્યાએ હોસ્પિટલો અને ડિસ્પેન્સરી જેવી સુવિધાઓ ઉપલબધ્ધ કરાવામાં મોટો ફાળો આપ્યો છે. સમાજના લોકો પર જયારે કુદરતી આફતો તૂટી પડી છે, ત્યારે સંસ્થા પીડિતોની વહારે દોડી જાય છે. આ માટે તેમણે ચાર વૈજ્ઞાનિક પદ્ધતિના કેટલકેમ્પસ, ઘાસ વિતરણ, અનાજ વિતરણ, છાશ-દૂધ વિતરણ, સદાવ્રતો, સુખડી વિતરણ, તેમજ વસ્ત્ર વિતરણ દ્વારા ભૂકંપ અને દુષ્કાળના સમયમાં હજારો લોકોને સહાય પુરી પડે છે અને લોકો સાથે સીધા સંપર્કમાં આવીને લોકોના સુખ દુ:ખની વાતો સાંભળીને નિવારણ લાવવાના પ્રયત્નો કર્યા હતા.[9]

## જનઉત્કર્ષ પ્રવૃતિઓના પ્રણેતા તરીકે

સમાજમાં રહેતા છેવાડાના માનવીના વિકાસ માટે તેઓ જનઉત્કર્ષ પ્રવૃતિઓ દ્વારા સમાજના છેલ્લામાં છેલ્લા વર્ગના માણસને સ્પર્શીને જનઉત્કર્ષની અનેકવિધ પ્રવૃતિઓ કરતી આ સંસ્થાએ, આદિવાસીઓથી માંડીને હરિજનબંધુઓ, વણકરબંધુઓ, વાઘરીસમાજ તેમજ સાગરસંતાનો અને ખેડૂતો સુધી પોતાની પ્રવૃતિઓનો વ્યાપ વધાર્યો છે. ઝૂંપડે ઝૂંપડે અને ઘરે ઘરે જઈને તેમના જીવનને સુ- સંસ્કૃત, ઉચ્ચતર અને સુશિક્ષિત બનાવવાના પ્રયાસો કર્યા હતા. સંસ્થા જેલના સળિયા પાછળ રહેલા કેદીભાઈઓને પણ ભૂલી નથી. પ્રમુખસ્વામી ગુનેગારોના જીવન પરિવર્તનના પ્રયત્નો કરતા રહ્યા હતા.

## જનજાગૃતિ અભિયાનના પ્રણેતા તરીકે

### (૧) પર્યાવરણ જાગૃતિ અભિયાન

સંસ્થા દ્વારા હરિભક્તો અને નવયુવાન સુશિક્ષિત સંતો દ્વારા અને હજારો સ્વયંસેવકો દ્વારા જનજાગૃતિના અનેક અભિયાનોના આંદોલનો સમાજમાં પ્રસરાવી મહત્વનો ફાળો આપ્યો છે. જેમાં જોઈએ તો પર્યાવરણ જાગૃતિ અભિયાન દ્વારા જુદા જુદા વિસ્તારોમાં કૂવાઓ સજીવન કરવા જળસંચય અભિયાન છેડીને કૃષિ ક્ષેત્રે મહત્વનું કાર્ય કર્યું હતું. આ ઉપરાંત નર્મદા યોજના જાગૃતિ માટે નદીકાંઠાના વિસ્તારોમાં સતત સંતવિચરણ દ્વારા જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા હતા.આ સાથે દસ લાખ વૃક્ષોનું વાવેતર અને જતન, ગામોગામ વૃક્ષારોપણનું અભિયાન તેમજ વૃક્ષોના જતનનું શિક્ષણ આપીને વધી રહેલી પર્યાવરણીય સમસ્યાઓને હલ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

### (૨) વ્યસનમુક્તિ અભિયાન

સમાજમાં આજે ઘર કરી ગયેલ વ્યસનોને દુર કરવા માટે વ્યસનમુક્તિ અભિયાન દ્વારા લોકોને વ્યસન છોડાવ્યા હતા. જે માટે વ્યસનમુક્તિ યજ્ઞ દ્વારા હજારો લોકોને થતી બરબાદી દુર કરી હતી. આ ઉપરાંત ગામોગામ ફરતું વ્યસનમુક્તિ મોબાઈલ પ્રદર્શન અને સાથે વ્યસન દ્વારા થતી બરબાદી સૂચવતા જાહેર પ્રદર્શનો તેમજ સ્વાસ્થ્યલક્ષી પુસ્તિકાઓનું વિતરણ દ્વારા લોકોને વ્યસનથી દુર કરવા માટે આ અભિયાન ચાલવામાં આવ્યું હતું. જેના પરિણામ સ્વરૂપ ૫૪,૩૦૦ લોકોને વ્યસનમુક્ત કરતો અને ૫૦,૦૦૦ લોકોને સદાચાર પ્રતિજ્ઞાબદ્ધ કરતો વિક્રમસર્જક યજ્ઞ કર્યો હતો. આમ, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સમાજમાંથી વ્યસનો દુર કરવામાં અગત્યનો ફાળો આપ્યો હતો.

### (૩) સાક્ષરતા અભિયાન

લોકોમાં સાક્ષરતા લાવવા માટે સાક્ષરતા અભિયાન છેડવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લામાં ૧૦૦% નિરક્ષરતા નાબૂદીનું અભિયાન શરુ કરાવ્યું હતું અને તેમાં સારા એવા પ્રમાણમાં સફળતા પણ મળી હતી. તેમજ ગુજરાતના વિવિધ જીલ્લાઓ અને ગામડામાં પણ આ અભિયાન દ્વારા સાક્ષરતાનું પ્રમાણ ઉચ્ચું લાવવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજનો મહત્વનો ફાળો રહ્યો છે. શૈક્ષણિક ક્ષેત્રે અધતન સુવિધા-સજ્જ છાત્રાલયો, માધ્યમિક શાળાઓ, શાળાકીય સહાય, ઉચ્ચતર શૈક્ષણિક સહાય, વિદ્યાદાન દ્વારા આપવામાં આવતી બુક-બેંક તથા દર વર્ષે અપાતી શિષ્યવૃત્તિ તેમજ ગાંધીનગરમાં 'આર્ષ' સંશોધન કેન્દ્ર સ્થાપીને સમાજમાં સાક્ષરતાનો દર ઉચ્ચો લાવવામાં સફળ રહ્યા હતા.

**(૪) દહેજ નાબૂદી અભિયાનો**

સાક્ષરતાની સાથે સાથે સમાજમાં દહેજ નાબૂદી અભિયાન ચલાવીને આદિવાસીથી માંડીને બ્રાહ્મણો સુધી દહેજ વગરના સમૂહલગ્નોના આયોજનો કર્યા છે. જેના લીધે આજના દહેજ ઉત્પીડનના જેવા ઘણા પ્રશ્નોને હલ કરવામાં મોટો ફાળો અર્પણ કર્યો છે. તેમજ બેટી બચાવો અભિયાન જેવા વિવિધ અભિયાનો દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા હતા. આમ, પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં સમાજકલ્યાણકારી પ્રવૃતિઓ દ્વારા સમાજમાં આધ્યાત્મિક મૂલ્યોનું મહત્વ સમજાવી લોકોમાં નૈતિક મૂલ્યોને ઉજાગર કરીને આધ્યાત્મિકતાના માર્ગ તરફ લઇ જવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.[10]

**પ્રમુખસ્વામી મહારાજની અનુભવવાણી** લોખંડનો સ્વભાવ ડૂબવાનો છે. પણ એ લાકડાની સાથે જડાઈ જાય તો પાણીમાં તરે છે. એમ ભગવાન અને સંત સાથે આત્મબુદ્ધિ થઇ જાય તો ભવસાગર તરી જવાય.

જેને આપણે આ શરીર, બુદ્ધિ, શક્તિ આપ્યા અને જેને કારણે ભણ્યા-ગણ્યા, ડીગ્રીઓ લીધી; એન્જિનિયર અને ઉદ્યોગપતિ થયા; એ ભગવાન માટે સમય ન અપાય? ભગવાને જેવું આપણને આપ્યું છે એવું બીજા કોઈ આપી શકે એમ નથી. માટે એમનો ઉપકાર ભૂલી ન જવો. નિત્ય એમની પ્રાર્થના અને પૂજા માટે સમય કાઢવો.

બાળકો આપણા ધર્મ અને સંસ્કારો જાળવે એનું ધ્યાન પ્રત્યેક માતા-પિતાએ રાખવાનું છે. જો તમે બાળકોને સંસ્કાર નહિ આપો તો સંતતિ અને સંપતિ બંને ગુમાવવાનો વખત આવશે.

કોઈ જીવને મારીને જીવન જીવવું એ જીવન નથી. હિંસા પાપ છે. તેનું ફળ દુઃખ છે. અહિંસા પુણ્ય છે. તેનું ફળ સુખ છે.

બીજાના સુખમાં આપણું સુખ છે. બીજાના ભલામાં આપણું ભલું છે.

પરસ્પર પ્રીતિ પ્રસરાવે એજ ધર્મ. દરેક કાર્યમાં ભગવાનના કર્તાપણાનું અનુસંધાન એ ભક્તિ.

જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ. ધ્યેયમાં દ્રઢતા અને વિશ્વાસ એ જ પ્રગતિ. ધ્યેયમાં શંકા અને વિલાસ એ જ અવનતિ.[11]

**સમાપન**

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક યુગપુરુષ. ખરેખર યુગપુરુષને છાજે તેવા કાર્યો દ્વારા જેમકે અવિરત વિચરણ સાથે સાથે, એમણે ઉપાડેલી માનવ-ઉત્કર્ષની અસંખ્ય પ્રવૃતિઓ અચરજ પમાડે તેવી છે. સ્વામીશ્રીની પ્રવૃતિઓએ એકપણ ક્ષેત્ર બાકી રાખ્યું નથી. એટલું જ નહિ, બધાજ ક્ષેત્રોમ હેરત પમાડે તેવી શક્તિથી સફળતાપૂર્વક કામ કર્યું છે. દુષ્કાળ, વાવાઝોડું, ભૂંકપ જેવી કુદરતી આફતોમાં માનવ સહાય માટે અનન્ય પુરુષાર્થ કર્યો છે. એમણે કેળવણીના ક્ષેત્રમાં

અદ્વિતીય યોગદાન આપ્યું છે. દહેજ જેવા કુરિવાજોને નાબૂદ કરવા સમાજને ફળદાયક સમજ આપી છે. સામાજિક કલંકો દુર કરીને સમાજને નવો માર્ગ ચીંધવામાં મહત્વનો ફાળો આપ્યો છે. સાક્ષરતાથી લઈને જળસંચય અભિયાન સુધી કે વ્યસનમુક્તિ આંદોલનો સુધી વ્યાપેલી આવી તો કેટલીય સામાજિક સેવાઓમાં તેમણે અદ્વિતીય પ્રદાન આપ્યું છે. અક્ષરધામ અને લંડન મંદિર જેવા ગૌરવવંતા સાંસ્કૃતિક સંકુલો તથા સેંકડો સંસ્કારધામો મંદિરોના સર્જનો, દેશ-વિદેશમાં હજારો યુવકમંડળો, બાલિકા મંડળો, બાળ મંડળો, કિશોર મંડળો, યુવતી મંડળો વગેરે દ્વારા વિરાટ સંસ્કાર અભિયાનોમાં તેઓ સૌથી વધુ સફળ રહ્યા છે. વિદેશમાં ભારતીય સંસ્કૃતિનો ઉદ્દઘોષ કરવામાં તેમની તુલના કોઈની સાથે થઇ શકે તેમ નથી. તેમણે કરેલી આવી અનેકવિધ ક્ષેત્રની વિરાટ સેવાઓની યાદી મુકવામાં આવે તો એક ગ્રંથ તેનાથી જ ભરાય જાય! આમ, પ્રમુખસ્વામી મહારાજએ વિરલ વિભૂતિ અને યુગપુરુષ તરીકે હંમેશા લોકોના હૃદયમાં અમર બની રહેશે.

## પાદનોંધ

[1] સાધુ અક્ષરવત્સલ, યુગ વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, મે ૨૦૧૪, પૃ-૦૮

[2] સાધુ અક્ષરવત્સલ, જીવન પરિમલ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, ઓક્ટોબર ૨૦૧૫, પૃ-૧૨૪

[3] સાધુ અક્ષરવત્સલ, જેના ગુણે રીઝ્યા ગિરધારી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, એપ્રિલ ૨૦૧૬, પૃ-૮૧

[4] પાદનોંધ-૨ મુજબ, પૃ-૧૨૫

[5] પ્રેમવતી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, અંક-૫, સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૬,પૃ-૭

[6] વિરલ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, નવેમ્બર ૨૦૧૬, પૃ-૧૦

[7] પાદનોંધ-૫ મુજબ, પૃ-૩૧

[8] પ્રેમવતી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, અંક-૪, જુલાઈ-ઓગષ્ટ ૨૦૧૬, પૃ-૮

[9] પટેલ મોહનલાલ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ: પ્રમુખસ્વામી મહારાજ (સંક્ષિપ્ત જીવન ચરિત્ર), સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ, પૃ-૯૫

[10] એજન, પૃ-૨૦૧,3

[11] પાદનોંધ-૬ મુજબ, પૃ-૩૪